સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં સમાવાયેલ જ્ઞાતીઓ પૈકી ક્રમાંક:૭૨ સામેની જ્ઞાતિ "ઠાકરડા, ઠાકોર, પાટણવાડીયા, ધારાળા, બારૈયા, બારીયા" સાથે પર્યાય તરીકે "પગી" જાતિનો સમાવેશ કરવા બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,

ક્રમાંક:સશપ/૧૨૨૦૧૬/૭૭૨૧૭૨/અ

સચિવાલય,ગાંધીનગર.

તા.૩/૮/૨૦૧૮

3 AUG 2018

વંચાણે લીધા:

(૧) મજૂર, સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગનો ઠરાવક્રમાંક: બીસીઆર-૧૦૭૮-૧૩૭૩૪- હ, તા.૦૧/૦૪/૧૯૭૮

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક: સશપ-૧૪૨૦૧૨-૪૫૬૮૦૪-અ, તા.૪/૮/૨૦૧૪

## :પ્રસ્તાવના:

વંચાણે લીધા ક્રમાંક-૧ હેઠળના તા.૧/૪/૧૯૭૮ તથા વંચાણે લીધા ક્રમાંક-૨ હેઠળના તા.૪/૮/૨૦૧૪ ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની જાતિઓની યાદી બહાર પડાયેલ છે જેમાં ક્રમાંક: ૭૨ સામેના **"ઠાકરડા, ઠાકોર, પાટણવાડીયા, ધારાળા, બારૈયા, બારીયા"** જાતિનો સમાવેશ કરવામાં આવેલ છે.

રાજયની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં ક્રમાંક.૭૨ સામે "ઠાકરડા, ઠાકોર, પાટણવાડિયા, ધારાળા, બારૈયા, બારીયા" દર્શાવેલ છે. પગી જાતિના વિવિધ સંગઠનો દ્વારા પગી જાતિ પણ મૂળ ઠાકરડા, ઠાકોર, પાટણવાડીયા, ધારાળા, બારૈયા, બારીયા જૂથનો પર્યાય હોઇ આ જાતિનો પર્યાય તરીકે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીના ક્રમાંક ૭૨ માં ઉમેરો કરવા રજૂઆતો કરેલ હતી.

પુખ્ત વિચારણાને અંતે "પગી" જાતિનો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીના ક્રમાંક ૭૨ સામે **"ઠાકરડા, ઠાકોર, પાટણવાડીયા, ધારાળા, બારૈયા, બારીયા"** ની પર્યાયવાચી જાતિ (synonym)

તરીકે સમાવેશ કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

## :ઠરાવ:

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીના ક્રમાંક ૭૨ "ઠાકરડા, ઠાકોર, પાટણવાડીયા, ધારાળા, બારૈયા, બારીયા" ના પર્યાય તરીકે "પગી" જાતિનો સમાવેશ કરવામાં આવે છે.

ઉપરોક્ત સુધારાથી કોઇ નવી જાતિનો સમાવેશ કરવામાં આવતો નથી, પરંતુ હયાત જાતિસમુહમાં પર્યાયવાચી શબ્દ/જાતિનો ઉમેરો કરવામાં આવે છે. જેથી જે વ્યક્તિઓ/વિદ્યાર્થીઓ/ઉમેદવારોના શાળા કે અન્ય રેકર્ડમાં પગી જાતિનો ઉલ્લેખ હોય તેમને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપત્ર મેળવવામાં પડતી હાલાકી (Hardship) દૂર કરવા તેમજ જાતિ પ્રમાણપત્ર આપતી વખતે ગેરસમજણ દૂર કરવાના હેતુથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

નં .વિજાક/જન/જાપ્રપ/૨૦૧૮-૧૯/૧૫૫૩
નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
બ્લોક નં .૪ /૩, ડૉ .જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
ફોન નં .૨૩૨૫૩૨૪૫ થી ૫૩,ફેકસ નં ૨૩૨૫૩૨૪૯
E.MAIL: dire-dcw@gujarat.gov.in
તા. ૭ / ૮ /૨૦૧૮

નકલ રવાના જાણ સારૂ :-

૧. જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા) જિ..............................
૨. જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા) જિ......................

(કે.આર.ઝાલા)
સંયુકત નિયામક
વિકસતી જાતિ કલ્યાણ